## સંક્ષિપ્ત સમાચાર

### કઠલાલની બ્રાઇટ ઇન્ટરનેશનલ શાળાનું જરૂરિયાત મંદની ફી માટે સતુંત્ય પગલું



**કઠલાલ |** કઠલાલની સેવા સંસ્થા માધવ ફાઉન્ડેશન સંચાલિત બ્રાઇટ ઇન્ટરનેશનલ સ્કૂલ તેના શિક્ષણ સેવાયજ્ઞમાં વધારો કરી રહી છે. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર નેહાબેન શાહે જણાવ્યું હતું કે બ્રાઇટ સ્કૂલમાં વર્ષોથી ચાલતા સેવા યજ્ઞમાં હવેથી માતા-પિતા બંને હયાત ન હોય તેવા જરૂરિયાતવાળા સંતાનને સો ટકા, લશ્કરના સહિતના સંતાનને સો ટકા, પિતા હયાત નથી તેવા જરૂરિયાતવાળા સંતાનને 50%, લશ્કર તથા પોલીસ કર્મચારીના સંતાનને ૨૦ ટકા, ફક્ત દીકરી હોય તેવા સંતાનને 20 ટકા, કોઈપણ શાળાના વાહનચાલકના સંતાનને 20 ટકા, સરકારી શાળાના હોશિયાર બાળકો અને દિવ્યાંગ માતા પિતા ના સંતાન માટે ૧૦ થી ૫૦ ટકા સુધીની શાળાની ફીમાં માફી આપવામાં આવશે તેવુ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કઠલાલમાં આવેલી આ બ્રાઇટ ઇન્ટરનેશનલ શાળા દિવાળી તથા વિવિધ પર્વ નિમિત્તે જરૂરિયાત મંદ બાળકોને કપડાં ,મીઠાઈ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી શાળાના બાળકો સંસ્કાર મેળવે તેવા પ્રયત્નો પણ કરે છે.

### ખંભાતની કોલેજના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ ટોપ ટેનમાં ઝળક્યાં



**ખંભાત |** ખંભાત કોલેજ કેમ્પસ ખાતે આવેલી શરદકુમાર હાંસોટી અને મંજુલાબેન હાંસોટી વાણિજ્ય અનુસ્નાતક એમ કોમ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી માસ્ટર ઓફ કોમર્સ ( એમ.કોમ) સેમેસ્ટર 2 અને 4 ની પરીક્ષા માં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી સમગ્ર ખંભાતનું ગૌરવ વધાર્યું છે. ખંભાત કોલેજના એમ . કોમ સેમ -2 નું પરિણામ 98.07% આવ્યું છે. સેમેસ્ટર -2 માં કુલ 33 વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ટોપ 10 રેન્કમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. સેમેસ્ટર -2 ની વિદ્યાર્થિની કાજલ રાણા (80.60%) , માનસી સુકલા (79.60%), ઇશરત શૈખ (79.60%) ગુણાંક સાથે સગ્ર સરદાર પટેલ યુનિવર્સિટીમાં ત્રીજો રેન્ક પ્રાપ્ત કરેલ છે. જ્યારે સેમેસ્ટર -૪માં દિપાલી પ્રજાપતિએ યુનિ.માં પાંચમો રેન્ક, કિંજલ રાણાએ યુનિ.માં છઠ્ઠો રેન્ક તેમજ માનસી પટેલે યુનિ.માં આઠમો રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના સેક્રેટરી ડો. બંકિમચંદ્ર વ્યાસે અભિનંદન પાઠવ્યાં હતાં.

### નાર સ્થિત ગોકુલધામ ખાતે રાષ્ટ્રીય કક્ષાનું રમત ગમત મેદાનનું ખાતમુહૂર્ત કરાયું



**આણંદ |** સ્વામિનારાયણ ગોકુલધામ નાર પરીસરમાં રાષ્ટ્રીય કક્ષાનું રમત ગમત મેદાનનું ગુરૂવર્ય મોહનપ્રસાદદાસજી અને શુકદેવપ્રસાદદાસજીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ગોકુલધામ પરીસરમાં અભ્યાસ કરતા મણીપુરના રૂષિકુમારો અને વૃદ્ધાશ્રમના બા-દાદાઓ પણ હાજર રહ્યા હતા. આ રાષ્ટ્રીય મેદાન બનાવવા પાછળનો મુખ્ય હેતુ એજ છે કે વ્યસત જીવનમાં રમત ગમત અત્યંત જરૂરી છે. આ રાષ્ટ્રીય મેદાન દ્વારા ગોકુલધામના વિદ્યાર્થીઓ અને રમતોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર સંસ્થાઓ તથા ટીમો એક સાથે આવનાર સમયમાં લાભ લઈ શકશે.આ મેદાનને તૈયાર કરવાનું કામ બેગ્લોરની કંપની દ્વારા કરવામાં આવશે.

### કપડવંજના હડમતીયા ગામના યુવાનનુ આર્મીમાં સિલેક્શન થતા સન્માનયાત્રા



**કપડવંજ |** કપડવંજના હડમતીયાના દિલીપભાઈ પરમારના નાના ભાઈ પરમાર કિશનસિંહ નગીનસિંહ ઇન્ડિયન આર્મીમાં સિલેક્શન થઈને ઓરિસ્સાથી ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત આવી રહ્યા છે. જેમનું હડમતીયા મુકામે સ્વાગત માટે સન્માન રેલીનું આયોજન રાખવામા આવ્યું હતું. આ સન્માન યાત્રા હડમતીયા ગામમાં ફરી જવાન પરમાર કિશનસિંહે પોતાના ઘરમાં પ્રવેશ કરતા પહેલા માતા તારાબેન, પિતા નગીનભાઈ અને દાદી શારદાબેનને સન્માન આપી પ્રવેશ કર્યો હતો. આ સન્માન યાત્રામાં ગ્રામજનો, શિક્ષકો, કુટુંબીજનો અને આર્મીમાં પોતાની સાથે તાલીમ લીધેલ સાથી જવાન મિત્રો પણ હાજર રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## આણંદ જિલ્લા તંત્ર ખાણ માફિયા સામે પગલાં ભરવામાં વામણું સાબિત થયું

# મહી નદીમાં બેફામ ખનન : પણ સ્નાન માટે રોક

**ખાનપુર અને વાસદ** પાસે પ્રજાને મહી નદીમાં સ્નાન ન કરવા ચેતવવામાં આવ્યાં



(પ્રતિનિધિ) આણંદ તા.10

મહીસાગર નદી ચરોતરના લોકો માટે આસ્થા સ્થાનક છે. જ્યાં પૂજા અર્ચના કરવામાં આવે છે.જ્યાં વારે તહેવારે મોટી સંખ્યામાં ભાવિક ભકતો દર્શનાર્થે અને સ્નાન કરવા ઉમટી પડે છે. પરંતુ રેતી માફિયાઓની બેરોકટોક ખનન પ્રવૃત્તિથી નદીમાં ડૂબવાના બનાવો વધી રહ્યા છે. જેના પગલે હવે સ્થાનિક પંચાયતને નાહવા પર પ્રતિબંધ લગાવી દેવાની ફરજ પડી છે .

મહિસાગર નદીમાં રેતી માફિયા દ્વારા રેતી ખનન ઠેર - ઠેર કરવામાં આવ્યું હોવાથી મોટા મોટા ભુવા પડી ગયા છે. જેના કારણે સ્નાન કરવા આવતાં શ્રધ્ધાળુઓ ડૂબી જવાનો ભય વધ્યો છે. આથી, સ્થાનિક ગ્રામ પંચાયતોએ આણંદ જિલ્લા ખાણ ખનીજ વિભાગને ભૂમાફિયા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા લેખિતમાં ફરિયાદ કરી છે.

અહીં સ્નાન અર્થે આવતા લોકો ડૂબી જવાની ઘટના અટકે તે હેતુથી પોલીસ દ્વારા મહિસાગર નદીમાં સ્નાન નહીં જવા માટે ભયજનક જગ્યાઓ પર ચેતવણીના બોર્ડ લગાવવા સુચના આપી છે. આગામી સમયમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા કાયમી ધોરણે રેતી ખનન કામગીરી અટકાવવામાં નહીં આવે તો તંત્ર સામે ઉગ્ર આક્રોશ સાથે આંદોલન થવાના એંધાણ વર્તાઇ રહ્યા છે. આણંદ જિલ્લામાં ખાનપુર ગામે ખાણ ખનીજ વિભાગની રહેમ રાહે ચાલતી રેતી ખનનની બ્લોક પધ્ધતિને કારણે મોટા મોટા ઉડાં ખાડા પડી ગયા છે. જેના કારણે છેલ્લા એક સપ્તાહમાં 6 શ્રધ્ધાળુઓ ડૂબી ગયા હતા. જેને લઈને નદી માં સ્નાન કરીને પવિત્રતા ની લાગણી અનુભવતા ભાવિક ભકતો માં ખાણ ખનીજ વિભાગ પ્રત્યે ઉગ્ર રોષ વ્યક્ત ફેલાયો છે.

### વાસદ પોલીસ દ્વારા પણ મહીનદી કાંઠે ભયસૂચક બોર્ડ મુકાયાં




ખાનપુર પાસે મહિસાગર નદીમાં નહાવા જતા પહેલા બે મિત્રોના અને ત્યારબાદ ગામડીના ચારના ડુબી જવાની ઘટના બનતાં એક તરફ ભારે રોષ પ્રગટી રહ્યો છે. આવી ડૂબવાની ઘટનાઓ ન બને તે માટે વાસદ પોલીસ મથક દ્વારા વાસદ નજીકથી પસાર થતી મહીસાગર નદીની આજુબાજુ તેમજ બ્રિજ નજીક જાહેર ચેતવણીના બોર્ડ મુકવામાં આવ્યાં છે. મહિસાગર નદી આસ્થાનું કેન્દ્ર છે. મહિસાગર નદીએ દરરોજ પ્રવાસીઓ, યુવાવર્ગ તેમજ ધાર્મિક ક્રિયાકાંડ માટે મોટી સંખ્યામાં લોકો અવર-જવર કરતા હોય છે. બહારથી આવનારા લોકોને મહી નદીના પાણીના વહેણ-પ્રવાહ તેમજ ઉંડાઈ બાબતે કોઈ માહિતી તેમજ જાણકારી નહીં હોવાને કારણે ભુતકાળમાં અહીંયા ડૂબી જઈને મોતને ભેટવાની ઘણી ઘટનાઓ બની છે. જેથી આવા બનાવો ન બને તે માટે નદી કિનારે અવર-જવરવાળી જગ્યાએ ભયસૂચક બોર્ડ મુકવામાં આવ્યાં છે.

### પોલીસે ડૂબવાની ઘટનાઓ અટકાવવા કીમિયોઓ અપનાવ્યા




મહીકાંઠા વિસ્તારોમાં સ્નાન સહિત પુજા અર્ચના માટે આવતા લોકોને નદીમાં ડૂબી જવાની ઘટનાઓ સંદર્ભે સાવચેતી માટે કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ઉમરેઠ પોલીસ દ્વારા રસ્તાઓ ખોદી નાખ્યા હતા. આડસો ઉભી કરાઈ હતી. ખંભોળજ પોલીસ દ્વારા સુચિત બોર્ડ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ પોલીસે ગ્રામ પંચાયતોને સુચિત બોર્ડ મુકવા અપીલ કરવામાં આવી છે.

# નડિયાદ જીઆઈડીસીમાં દબાણો હટાવવાની કામગીરી શરૂ કરાઈ

**નોટીસો આપ્યા બાદ** જી.આઈ.ડી.સી. ના કોમન પ્લોટ પર વર્ષોથી કરાયેલા દબાણો દૂર કરાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.10

નડિયાદ જી.આઈ.ડી.સી.ના કોમન પ્લોટમાં વર્ષોથી કરાયેલા દબાણો આજે પ્રાદેશિક મેનેજરના સીધા નિરીક્ષણમાં દૂર કરાયા હતા. ગયા વર્ષે દબાણો દૂર કરવા નોટીસ અપાઈ હતી અને તે વખતે જી.આઈ.ડી.સી.ની હદમાં કરાયેલા અનેક ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવી વાળ્યુ હતુ. વર્ષોથી અહીંયા રહેતા લોકોને અચાનક છત વિહોણા કરી દેવાયા હતા. ત્યારે હજુ કોમન પ્લોટમાં કરાયેલા દબાણો દૂર ન કર્યા હોવાથી આજે આ દબાણો દૂર કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. મળતી માહિતી મુજબ નડિયાદ જી.આઈ.ડી.સી.ની પ્રિમાઈસીસના કોમન પ્લોટમાં દબાણો કરીને રહેતા પરીવારોને ગયા વર્ષે નોટીસ અપાઈ હતી અને ત્યારબાદ હાલમાં ત્રણેક દિવસ પહેલા નોટીસો ફટકારવામાં આવી હતી. ગયા વર્ષે જ તંત્ર દ્વારા એકાએક અનેક પાક્કા મકાનો પર જેસીબી ફેરવી નાખ્યુ હતુ અને તે સમયે લોકો ઘર વિહોણા થઈ ગયા હતા.



આ વચ્ચે હજુ પણ ત્યાં કોમન પ્લોટમાં કેટલાય પરીવારો કાચા-પાકા દબાણો કરી રહેતા હતા. આ દબાણો દૂર કરવા માટે ગયા વર્ષે જી.આઈ.ડી.સી. પ્રશાસને નોટીસો પાઠવી હતી. પરંતુ આ પરીવારો પાસે બીજો કોઈ સહારો ન હોવાના પગલે તેઓ સ્થળ છોડ્યુ ન હતુ. આ વચ્ચે તાજેતરમાં ત્રણેક દિવસ પહેલા જી.આઈ.ડી.સી. પ્રશાસને પુનઃ આ રહીશોને નોટીસ ફટકારી હતી. આ નોટીસની પણ રહીશોએ અવગણના કરી અને આજે અચાનક જી.આઈ.ડી.સી. ના પ્રાદેશિક કમિશ્નર સ્થળ પર પહોંચી ગયા હતા અને તેમના સીધા નિયમનથી આ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ વચ્ચે રહીશોમાં ભારેલો જ્વાળા જોવા મળ્યો હતો. આ પરીવારનો લોકોએ માંગણી કરી હતી કે, આ મકાનો તોડવાની સામે અમને રહેવાની બીજી વ્યવસ્થા કરી આપો. જો કે, જી.આઈ.ડી.સી. પાસે આવુ કોઈ પ્રાવધાન હોતુ નથી અને દબાણો કરાયેલા હોય, અન્ય કોઈ વિકલ્પ પણ નહોતો. જેના પરીણામે રહીશોએ સ્થળ છોડવા મજબૂર થવુ પડ્યુ છે.

### સંતરામપુરમાં વરસાદી ઝાપટું પડતાં ઠંડક પ્રસરી



સંતરામપુર તાલુકામાં સોમવારના રોજ વાતાવરણમાં એક એક પલટો જોવાં મળ્યો હતો. અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે સાંજે પવન ફુંકાતા વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી. સવારથી જ વાતાવરણ વાદળછાયું જોવા મળતું હતું. સાંજે ઠંડા પવનો ફૂંકાતા અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરેલી જોવા મળતી હતી. ભારે ગરમી અને બફારા બાદ સંતરામપુર અને કડાણા તાલુકામાં વરસાદ ધોધમાર વરસતાં ચોમાસું બેઠું હોય તેમ જોવાં મળતું હતું.વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવાં મળે છે. જ્યારે શહેરીજનોએ પણ ઠંડક અનુભવી હતી. - **ઇન્દ્રવદન પરીખ**

### કપડવંજ અને વાત્રકકાંઠા પંથકમાં દેશી આંબાની સંખ્યા ઘટી



કપડવંજ અને વાત્રકકાંઠા પંથકમાં દેશી આંબાના વૃક્ષોની સંખ્યા દિન પ્રતિદિન ઘટી રહી છે. આ અંગે પંથકના અગ્રણી અને જાણીતા પ્રકૃતિ પ્રેમી એવા અપ્રુજી ગામના રાકેશસિંહજી સોલંકીના જણાવ્યા મુજબ, આ પંથકમાં દેશી આંબાના વૃક્ષની સંખ્યા ઘટી રહી છે. બે દાયકા અગાઉ આ પંથકમાં ભાગ્યે જ કોઈ એવું ખેતર હોય કે જ્યાં દેશી આમ્રવૃક્ષ જોવા ન મળે દરેક ખેતરના શેઢે દેશી આંબાના વૃક્ષો જોવા મળતા હતા. જ્યારે આજે આજ પંથકમાં દેશી આંબાના ઝાડ ભાગ્યે જ કોઈ ખેતરોમાં જોવા મળી રહ્યા છે. દેશી આંબાના ઝાડ પર કેરીઓ વધારે પ્રમાણમાં આવતી હોય છે પરંતુ દેશી કેરીનું ફળ પ્રમાણમાં નાનું હોય છે. આ કેરીઓ કાચી હોય ત્યારે બહુ જ ખટાશવાળી લાગે છે. જે પાકે ત્યારે એકદમ મીઠી મધ જેવી સ્વાદમાં લાગે છે. વધુમાં રવદાવત ગામના ફતેસિંહ ઝાલાના મુજબ દેશી આંબાનું વૃક્ષ કદમાં વિશાળ થાય છે. દેશી આંબાની કેરીઓમાંથી બારેમાસ આંબોડિયા બનાવવામાં આવે છે. **તસવીર : હરિશ જોષી**

# કઠલાલની પરિણીતાને પતિએ બીજા લગ્ન કરવા ત્રાસ આપ્યો

**લગ્ન બાદ તુ** ગામડાની છે, ગમતી નથી તેમ કહી હેરાન - પરેશાન કરવા લાગ્યો

(પ્રતિનિધિ) કઠલાલ તા.10

કઠલાલના રતનપુર ગામમાં રહેતી પરિણીતાના પતિએ બીજા લગ્ન કરવા માટે શારીરિક - માનસિક ત્રાસ આપ્યો હતો.

કઠલાલના રતનપુર ગામમાં રહેતા અંબિકાબહેનના લગ્ન ઉમંગ કનુભાઈ ઝાલા મકવાણા (રહે. ઘાટલોડીયા, અમદાવાદ) સાથે 10મી ફેબ્રુઆરી, 2022ના રોજ થયાં હતાં. આ લગ્ન બાદ અંબીકાબહેન સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. પરંતુ ઉમંગ સારી રીતે કોઈ વાતચીત કરતો નહતો. આ ઉપરાંત પતિ - પત્નીનો કોઈ સંબંધ રાખતો નહતો. આ અંગે ઉમંગને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય જે બાબતે તેને ઠપકો આપ્યો હતો. પરંતુ તેમાં કોઈ સુધારો થયો નહતો. આ ઉપરાંત ઉમંગ વારંવાર સાસુ - સસરાને કહેતો હતો કે, આને મુકી આવો મારે રાખવી નથી. આ ઉપરાંત રાત્રે મોડા સુધી ઘરે આવતો નહતો. આ અંગે પુછતા તે તું ગામડાની છું. તું મને ગમતી નથી. આ ઉપરાંત સાસુ - સસરાએ પણ જણાવ્યું હતું કે, મારો દિકરો તારી સાથે કોઈ સંબંધ નહીં રાખે. પરંતુ તારે અહીં કામવાળીની જેમ રહેવું પડશે. તું નોકરી કરવા જા અને તારી આવકથી તારુ ભરણ - પોષણ કર. તેમ કહી સાચવતા પણ નહતાં.

આ ઉપરાંત અંબિકાબહેનની તબિયત બગડતા તેમને દવા કરાવી નહીં અને પિયર જઈ દવા કરાવવાનું કહી કઠલાલ મુકી ગયાં હતાં. સાસુ સસરાને વારંવાર ફરિયાદ કરવા છતાં તેઓએ મારો દિકરો તારી સાથે સંબંધ નહીં રાખે તો તું અમારી સાથે રહે. તેમ કહેતાં હતાં. આ અંગે નડિયાદ મહિલા પોલીસ મથકે ઉમંગ કનુ ઝાલા મકવાણા, કનુ ફકીર ઝાલા મકવાણા, શોભાબહેન કનુ ઝાલા મકવાણા અને રમેશ ફકિર ઝાલા મકવાણા સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બાલાસિનોરમાં વિદેશી દારૂ ભરેલી કાર પકડાઈ

**દેવ ગામ પાસે વોચ** ગોઠવી દારૂ લઇ જતાં બેને પકડી પાડ્યા

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.10

બાલાસિનોર તાલુકાના દેવ ગામ પાસે પોલીસે વોચ ગોઠવી વિદેશી દારૂ લઈ જતી કાર પકડી પાડી હતી. આ કારમાં સવાર બે શક્સને પકડી તેમની પાસેથી કાર, વિદેશી દારૂ સહિત 3.61 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બાલાસિનોર તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, કાર નં.જીજે 27 બીએલ 3199માં વિદેશી દારૂ ભરી જઇ રહી છે. આ બાતમી આધારે દેવ ચોકડી પર સ્ટાફના માણસો ગોઠવાઈ ગયાં હતાં. દરમિયાનમાં કાર આવતાં તેને રોકવામાં આવી હતી. જેમાં સવાર શખ્સની પુછપરછ કરતાં નિમેશ બળવંતસિંહ ચાવડા (રહે. ધારાપુર ચોકડી, તા, શહેરા) જ્યારે બાજુમાં બેઠેલો શખ્સ કાળુ પ્રભાત પટેલીયા (રહે. પીપળીયા, તા. શહેરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની ડેકીમાં જોતા 115 વિદેશી દારૂની બોટલ કિંમત રૂ.11,500 મળી આવી હતી.

આ અંગે પોલીસે કાર, દારૂ સહિત રૂ.3.61 લાખનો મુદ્દામાલ જપ્ત કરી નિમેશ બળવંતસિંહ ચાવડા અને કાળુ પ્રભાત પટેલીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચારુસેટ ખાતે 'ઑબ્સ્ટેટ્રિક ક્રાઇસિસ મેનેજમેન્ટ સિમ્યુલેશન-બેઝ્ડ એપ્રોચ' વિશે વર્કશોપ યોજાયો

**સંલગ્ન મણિકાકા** ટોપાવાળા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા આયોજન કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.10

ચાંગા સ્થિત ચારુસેટ યુનીવર્સીટી સંલગ્ન મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ (MTIN) દ્વારા તાજેતરમાં 'ઑબ્સ્ટેટ્રિક ક્રાઈસિસ મેનેજમેન્ટ: સિમ્યુલેશન-બેઝ્ડ એપ્રોચ' વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.



સમગ્ર રાજ્યમાંથી વિવિધ સંસ્થાઓમાંથી કુલ 72 પ્રતિનિધિએ વર્કશોપમાં હાજરી આપી હતી. આ પ્રતિનિધિઓ પીપીએચ, પ્રિક્લેમ્પસિયા - એક્લેમ્પસિયા, ઑબ્સ્ટેટ્રિક ટ્રૉમા અને શોલ્ડર ડીસ્ટોસિયા જેવી વિવિધ ઑબ્સ્ટેટ્રિકલ ઇમર્જન્સીને લગતી હેન્ડ-ઑન ટ્રેઈનીંગમાં સામેલ થયા હતા. ડો. અંજલી તિવારી, ડો. સપના પટેલ, જલ્પા પ્રજાપતિ, એન્જેલિના મકવાણા, ઈશિતા શાહ, ભૂમિ બાવડા દ્વારા વિવિધ સેશન લેવામાં આવ્યા હતા.

આ પ્રસંગે એમટીઆઈએનના પ્રિન્સીપાલ ડો. અનીલ શર્માના માર્ગદર્શન હેઠળ વર્કશોપમાં ઈન્ટરએક્ટીવ સેશન દ્વારા પ્રતિનિધિઓને સહયોગી શિક્ષણ વાતાવરણને ઉત્તેજન આપતા ફેકલ્ટી સાથે પરસ્પર આદાનપ્રદાન કરવાની મંજૂરી આપી હતી. ટ્રેઈનીંગમાં સિમ્યુલેશનનો ઉપયોગ કરવાનો હેતુ પ્રતિનિધિઓને પ્રસૂતિ કટોકટીના સંચાલનમાં તેમની કુશળતા વિકસાવવા માટે ગતિશીલ અને વાસ્તવિક પ્લેટફોર્મ પ્રદાન કરવાનો હતો. વર્કશોપે પ્રસૂતિની કટોકટી સંભાળવામાં પ્રતિનિધિઓની સક્ષમતામાં સફળતાપૂર્વક વધારો કર્યો હતો. પ્રતિનિધિઓમાં વાસ્તવિક જીવનના દશ્યોનો સામનો કરવા માટે આત્મવિશ્વાસ અને સજ્જતામાં નોંધપાત્ર વધારો થયો હતો. વ્યવહારુ કૌશલ્યો પ્રદાન કરવા માટે હેન્ડ-ઑન ટ્રેઈનીંગ અભિગમની પ્રશંસા કરવામાં આવી હતી.